# ગુજરાતી પ્રવેશિકા (સંયુક્ત)

# કૃતિ પુસ્તિકા

## ધોરણ - ૯

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક
શિક્ષણ મંડળ, પુણે.

# કાવ્ય – ૧ શ્યામ રંગ સમીપે ન જાવું

– દયારામ

**કૃતિ–૧ નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) ..................... કાળી કંચુકી ન પહેરું.

૨) જેમાં ................. તે તો સૌ એકસરખું.

૩) ................... નો શબ્દ સૂણું નહિ કાને.

**કૃતિ–૨અ) અયોગ્ય ઘટક ચોરસમાં લખો.**

જાંબુ | વંત્યાક | વીજળી | મેઘ = ☐

આંખ | કાન | પગ | મુખ = ☐

**બ) કોણ તે લખો.**

શ્યામ રંગ સમીપે ન જનાર – ------------

દયાના પ્રીતમ | ગોપી | ભક્તો | કૃષ્ણ

**ક) આકૃતિ પૂર્ણ કરો.**




**કૃતિ–૩ અ) વિશેષણ પરથી નામ બનાવો.**

કાળું – કાળાશ

રાતું – ☐

પીળું – ☐

લીલું – ☐

લાલ – ☐

**૨) વિશેષણ બનાવો**

કપટ – કપટી

જુલમ – ☐

ઘમંડ – ☐

અભિમાન – ☐

વૈરાગ – ☐

**બ)  અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

કરમત [ ]

જળકા [ ]

ખુંરસકએ [ ]

શળાકા [ ]

**કૃતિ-૪  મારો મત (વ્યક્તિગત પ્રતિક્રિયા)**

→ શુકન -અપશુકન આધારિત તમારો એક અનુભવ લખો.

→ તમે રિસાઈ જાવ તો? - તમારા મનના ભાવ વર્ણવો.

→ આ કવિતા ગમવાનું કારણ જણાવો.

## કાવ્ય - ૨  મારા રાષ્ટ્રને જગાડ

**- રવીન્દ્રનાથ ઠાકુર**

**કૃતિ-૧  ખાલી જગ્યા પૂરો.**

૧) હે પ્રભુ ! મારા ................ ને જગાડ.

૨) જ્યાં મન ................. રહિત અને મસ્તક ઉન્નત હો.

૩) ................... થી વહેંચાયેલું ન હોય.

**કૃતિ-૨અ)  આકૃતિ પૂર્ણ કરો.**

સૂકી -------

વિશાળ -------

ઉન્નત -------

સ્વાતંત્ર્યનું -----

અથાગ -------

**બ)  યોગ્ય શબ્દ ચોરસમાં લખો.**

૧) મસ્તક [ ] હોય.

ઊંચું  નીચું  ઉન્નત  જન્નત

૨) વાણીનું ઉદ્‌ગમ સ્થાન ______ હોય.

અસત્ય  પ્રિય  મધુર  સત્ય

૩) હે પ્રભુ ! મારા ______ ને જગાડ.....

દેશ  રાષ્ટ્ર  માતૃભૂમિ  જન્મભૂમિ

**કૃતિ-૩ અ) વિશેષણ બનાવો.**

પુરુષાર્થ - પુરુષાર્થી

સંપૂર્ણતા - ______

વિવેક - ______

જ્ઞાન - ______

**બ) યોગ્ય જોડણી ઓળખો.**

બુદ્ધિ  બુધ્ધિ  બુદ્‌ધી  બુધ્ધી

દિવાલ  દીવાર  દીવાલ  દિવાર

**ક) યોગ્ય શબ્દ બનાવો.**

ઉદ્‌ગમ  ઉદ્‌ભવ

સ્થાન

શક્તિ  શૌર્ય

**કૃતિ-૪ મારો મત (વ્યક્તિગત પ્રતિક્રિયા)**

૧) 'મારા સ્વપ્નનું ભારત' એ વિષે ૧૦ વાક્યો લખો.

૨) 'સ્વતંત્ર ભારત' વિષેની તમારી કલ્પના કાગળ પર સાકાર કરો.

૩) 'સ્વચ્છ ભારત..... સુંદર ભારત' વિષે તમારા વિચારો લખો.

૪) કાવ્યમાંથી તમે શીખેલા મૂલ્યો વિષે જણાવો.

## કાવ્ય - ૩ રખોપીઆને.....
### 'કલાપી'

**કૃતિ-૧ ખાલી જગ્યા પૂરો.**

૧) આ મ્હોટું છે, .................. અને પંખીડાં છે ઘરેણાં.

૨) એ સૌ માગે જરૂર ઘટતો .................. કાંઈ હિસ્સો.

૩) તે પંખી હો મુજ ............. ચાખતાં પૂર્ણ હર્ષે.

**કૃતિ-૨અ) કાવ્યમાં વપરાયેલ શબ્દ.**

(પક્ષી) → (ખગ) (પંખીડાં) (દ્વિજ) = -------------

(ઝાડ) → (તરુ) (વૃક્ષ) (વેલી) = -------------

(બગીચો) → (બાગ) (ચમન) (ઉદ્યાન) = -------------

**બ) અયોગ્ય શબ્દ શોધો.**

૧) પ્રકૃતિનું તત્ત્વ નથી...

(ફૂલ) (તરુ) (ચમન) (ગોફણી)

૨) પંખીડાનો ગુણ નથી....

(સ્વલ્પ) (સંતુષ્ઠ) (લોભી) (ભોળા)

**ક) યોગ્ય શબ્દ લખો.**

૧) ઉપવનનું રક્ષણ કરનાર = [ ]

૨) ઉપવનની શોભા વધારનાર = [ ]

**ડ) પદ્યાંશમાં બગીચા માટે વપરાયેલ શબ્દો લખો.**

( ) ( )

## કૃતિ-૩ અ) આપેલા કોષ્ટકમાંથી પક્ષીઓના નામ શોધીને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મ | ય | ક | લી | ખા | મો |
| કા | ટૂ | કા | જો | પો | ર |
| ગ | રૂ | ડ | પી | પ | મૂ |
| ડો | કો | ય | લ | ટ | અ |
| જા | ક | બૂ | ત | ર | જ્ઞ |

૧.---------------
૨. ---------------
૩. ---------------
૪. ---------------
૫. ---------------
૬. ---------------
૭. ---------------

**બ) યોગ્ય સંધિ શોધો.**

સ્વલ્પ = [સ્વ + અલ્પ] [સ્વ + લ્પ] [સુ + અલ્પ]

સંતુષ્ઠ = [સં + તુષ્ઠ] [સમ્ + તુષ્ઠ] [સૌ + તુષ્ઠ]

**ક) નમૂના પ્રમાણે શબ્દો બનાવો.**

પંખી - પંખીડાં

ગામ - [ ]

દીવો - [ ]

રમકડું - [ ]

મન - [ ]

વાંસળી - [વાંસલડી]

પૂનમ - [ ]

રાત - [ ]

વાત - [ ]

**ડ) વચન બદલો.**

ફલફૂલ = [ ]

માળો = [ ]

હિસ્સો = [ ]

પથ્થર = [ ]

ઘરેણું = [ ]

## કૃતિ ૪ મારો મત (વ્યક્તિગત અભિવ્યક્તિ)

૧) ઉપવનના પંખીઓનું જીવન તમારા શબ્દોમાં વર્ણવો.

૨) પીંજરામાં પૂરાયેલા પંખીની વ્યથા વર્ણવો.

૩) કાવ્ય દ્વારા કવિએ આપેલ સંદેશ લખો.

# કાવ્ય – ૪ દેવના દીધેલ
## – લોકગીત

**કૃતિ–૧અ) ખાલી જગ્યા પૂરો.**

૧) હડમાન પરસન થીઆ ત્યારે ................ બાંધ્યા ઘેર.

૨) મા દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું .................

૩) તમે મારા ............... ના દીધેલ છો !

**બ) આકૃતિ પૂર્ણ કરો.**




**કૃતિ–૨ અ) બોલો હું કોણ?**

૧) મારા પર તેલ ચડાવવામાં આવે ........................

૨) મા' દેવ જઈને ફૂલ ચડાવનાર ...........................

૩) દેવના દીધેલ ........................

૪) હૈયાના હાર દેનાર .......................

**બ) વચન બદલો.**

ફૂલ – [ ]

[ ] – ઘોડિયાં

દેવ – [ ]

[ ] – હૈયાં

**ક) કૌંસમાંના રૂઢિપ્રયોગોને રેખાંકિત જગ્યાએ વાપરી વાક્યો ફરોથી લખો.**

(અણમોલ હોવું; હૈયાના હાર હોવું)

૧) જનેતાને પોતાનું સંતાન ખૂબ જ પ્રિય હોય છે.

૨) માતાને માટે બાળકનું જીવન ખૂબ જ કિંમતી હોય છે.

**ડ) કાવ્યમાં આવેલા તળપદા (ગામઠી) શબ્દોની યાદી બનાવો.**

**ઈ) નીચે આપેલા તળપદા શબ્દોને પ્રમાણ ભાષામાં લખો.**

મા’ દેવ = ----------------

પરસન = ----------------

થીઆ = ----------------

પારવતી = ----------------

હડમાન = ---------------

ઘોડીઆં = ----------------

## કૃતિ-૩ મારો મત (સ્વગત અભિવ્યક્તિ)

૧) ‘ઈશ્વર શ્રદ્ધા’ અંગે તમારો અનુભવ લખો.

૨) તમારી માતા વિષે તમારી લાગણી વર્ણવો.

૩) પ્રસ્તુત કાવ્યમાંથી તમે શીખેલા મૂલ્ય વિષે જણાવો.

# કાવ્ય - ૫ વાંસલડી ડૉટ કૉમ

**- કૃષ્ણ દવે**

## કૃતિ-૧અ) ખાલી જગ્યા પૂરો.

૧) કાનજીની ...................... એટલી વિશાળ છે કે, કયા કયા નામ એમાં રાખું?

૨) ................... ગોપીનું ગીત એન્ટર કરીએ ને ક્યાંક ફ્લૉપી ભીંજાય એનું શું?

૩) એને શું ....................... ભૂંસી શકવાના જેના ચીર પૂરી આપે ઘનશ્યામ.

**બ) અયોગ્ય શબ્દ શોધો.**

૧) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલ ધાર્મિક ગ્રંથ :-

| મહાભારત | વેદ | ગીતા | રામાયણ |

૨) કાવ્યમાં ઉલ્લેખ ન કરાયેલ સ્ત્રી પાત્ર :-

| રાધા | ગોપી | મીરાંબાઇ | સીતા |

૩) કાવ્યમાં ઉલ્લેખ ન કરાયેલ સાહિત્યકાર :-

| પ્રેમચંદ | તુલસીદાસ | કબીર | સુરદાસ |

૪) કૉમ્પ્યુટર સાથે સંકળાયેલ ન હોય એવો શબ્દ :-

| વિન્ડો | ફલાય | સ્ક્રીન | ફ્લૉપી |

## ક)    આકૃતિ પૂર્ણ કરો.




**કૃતિ-૨ અ) વચન બદલો**

ફ્લૉપી - [ ]

વાયરસ - [ ]

ગીત - [ ]

પંડિત - [ ]

**બ) જાતિ બદલો.**

ગોપી - [ ]

પંડિતાઈણ - [ ]

**ક)    રેખાંકિત શબ્દોને સ્થાને યોગ્ય રૂઢિપ્રયોગો મૂકી વાક્ય ફરીથી લખો.**

(ઉકલી જવું,  જાત બાળવી)

૧)    ગીતાજીનું રહસ્ય જાણતા કેટલાયે જ્ઞાનીઓ એ જીવન પૂર્ણ કર્યું.

૨)    ગોપીઓએ પ્રભુ પ્રાપ્તિ માટે ખૂબ મહેનત કરી.

**કૃતિ-૩    મારો મત (વ્યક્તિગત પ્રતિક્રિયા)**

૧)    કાવ્યમાં વપરાયેલ કમ્પ્યુટરને લગતા શબ્દોની સૂચિ તૈયાર કરો.

૨)    ‘વાંસલડી ડૉટ કૉમ’ નામની વેબસાઈટ હોય તો !’ - કલ્પના સાકાર કરો.

૩)    ‘કમ્પ્યૂટરની કરામત’ વિષે તમારુ મંતવ્ય જણાવો.

૪)    પ્રસ્તુત કવિતા ગમવાનું / ન ગમવાનું કારણ જણાવો.

# પાઠ - ૧ જીવરામ ભટ્ટ

- દલપતરામ

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

(પાનું - ૨૦

સોમનાથ : (લઈને આપે છે...................

..................... દોહરો. અભિમાન ............. કબૂલ)

**૧) કોણ તે લખો :-**

અભિમાની વ્યક્તિ - .........................

કાગળ લઈને આપનાર - ....................

**૨) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

★ તમારો કાગળ ...............

૧) ---- અમે વાંચ્યો

૨) ---- અમારે નથી વાંચવો.

૩) ----અમને નથી મળ્યો.

૪) --- અમને મળ્યો.

★ જીવરામ ભટ્ટ, આ કેટલા...................

૧) ---- કાગળ છે?

૨) ---- પુસ્તક છે?

૩) ---- આંગળાં છે?

૪) ---- પ્રશ્નો છે?

**૩) વિધાન સાચું છે કે ખોટું?**

- કાગળમાં અક્ષર ઝીણાં હતાં.......................

- ગંગાએ પાંચ આંગળીઓ બતાવી ................

**૪) ગદ્યાંશમાં વપરાયેલ શબ્દ લખો.**

- એક સંત કવિ................

-આંખે ન જોઈ શકે તે ................

-પોતાની ભૂલ કબૂલ ન કરનાર .....................

**-શબ્દ સંપત્તિ આકલન :-**

**૧) જાતિ બદલો :-**

| | |
|---|---|
| રંગલી - ----------- | લાડો - ------------- |

**૨) વચન બદલી વાક્યો ફરીથી લખો.**

-ઘઉંનો દાણો ઝીણો છે.

- કાગળ આપો તો વાંચીએ.

**૩) યોગ્ય સહસંબંધ જોડો.**

| | **અ** | **બ** |
|---|---|---|
| ૧) | આંધળો | ૧) સાચા |
| ૨) | ઝીણાં | ૨) દેખતો |
| ૩) | જૂઠા | ૩) મોટા |

**૪) યોગ્ય વિકલ્પ શોધો.**

૧) અભિમાની - [ ]

[ઘમંડી] [નમ્ર] [સ્વમાની]

૨) કબૂલ - [ ]

[જણાવવું] [સ્વીકારવું] [આપવું]

૩) નિજ - [ ]

[બીજાનું] [તમારું] [પોતાનું]

**★ સ્વમત અભિવ્યક્તિ (મારો મત)**

૧) 'અંધ વ્યક્તિ' ની મનોદશા તમારા શબ્દોમાં લખો.

૨) 'અભિમાનીને પોતાની ભૂલ દેખાતી નથી' વિધાન વિષેનો તમારો અનુભવ જણાવો.

૩) 'જીવરામ ભટ્ટ' ના વર્તન સાથે તમે સહમત છો? શા માટે?

# પાઠ - ૨ આનું નામ તે ધણી

- ઝવેરચંદ મેઘાણી

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

**(પાનું - ૨૬**

**અરધી રાતનો ગજર ......................**

**........................ બહાર તગતગતી હતી.)**

**૧) ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

૧) ગાડાનું પૈડું ચાલતું અટકી ગયું.

૨) દરબાર જંગલ જવા નીકળ્યા.

૩) ગાડામાં બાજરો ભર્યો.

૪) પટેલ વટેમાર્ગુની રાહ જોવા લાગ્યા.

**૨) કોણ તે લખો.**

૧) હદ ઉપરાંત બાજરો ભરનાર -

૨) જંગલ જવા નીકળનાર -

૩) ગાડું હાંકનાર -

૪) તરપિંડી જમનાર -

**૩) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

★ પટેલ ખળામાંથી .............

૧) ઘઉંનું ગાડું ભર્યું

૨) ચોખાનું ગાડું ભર્યું

૩) બાજરાનું ગાડું ભર્યું

૪) મકાઈનું ગાડું ભર્યું

★ હદ ઉપરાંત ભારને લીધે.............

૧) ગાડાની ધરી ગુડિયામાંથી નીકળી ગઈ

૨) ગાડું ચાલતું ન હતું.

૩) સાથીએ ગાડું ચલાવવાની ના પાડી

૪) ગાડું ખાડામાં ફસાઈ ગયું.

**૪) ખાલી જગ્યા પૂરો :-**

૧) દરબારે મોઢે .................... બાંધેલું હતું.

૨) જગા પટેલને સાપે .................. ગળ્યા જેવું થયું.

૩) જગો પટેલ કોઈ .................. ની વાટ જોવા મંડ્યા.

## ★ શબ્દ સંપત્તિ આકલન :-

૧) રેખાંકિત શબ્દોને સ્થાને યોગ્ય રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી વાક્યો ફરીથી લખો.

(છતરાયું થવું; મુંઝાવું; હાંફળા ફાંફળા થવું)

૧) જગો પટેલ ગભરાયા.

૨) બીકમાં જગા પટેલ ડરીને વટેમાર્ગુની રાહ જોવા મંડ્યા.

૩) ધણીની ચોરી એટલે કોઈને મદદે બોલાવવા જાય તો ખબર પડી જાય.

## ૨) વિશેષણ શોધો.

૧) ત્રણે જણાએ મળીને મહેનત તો કરી.

| ત્રણે | જણા | મહેનત |
|---|---|---|

૨) ગાડામાં બાજરો ઘણો ભર્યો હતો.

| ગાડા | બાજરો | ઘણો |
|---|---|---|

## ૩) સહસંબંધ જોડો.

| | અ | બ |
|---|---|---|
| ૧) | રાત | ૧) પાછળ |
| ૨) | ખાલી | ૨) દિવસ |
| ૩) | આગળ | ૩) ભરેલું |

## ૪) સમાનાર્થી શબ્દ શોધો.

૧) પાછલી રાત : [ ]

મોડી રાત અડધીરાત પરોઢિયું

૨) ઢૂકડાં : [ ]

દૂર નજીક આઘે

૩) વટેમાર્ગુ : [ ]

માણસ મુસાફર વટવાગોળ

## ★ સ્વમત અભિવ્યક્તિ (મારો મત)

૧) 'ખેડૂતની આત્મહત્યા' વિષય પર તમારું મંતવ્ય જણાવો.

૨) 'અતિ લોભ તે પાપનું મૂળ' તમને એવો કોઈ અનુભવ થયો હોય તો વર્ણવો.

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

**(પાનું - ૨૭**

**"આ વાત બન્યાને ......................**

**........................ તેવો ધણી ગોતજો હો !"**

## ૧) ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.

૧) ત્રણ દોકડાનો હવાલદાર અમને હડબડાવે !

૨) હવાલદારને સજા કરી.

૩) હવાલદાર મહેમાનો સારું ખાટલા ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો.

૪) "બાપ ! તમે મારાં સોનાના ઝાડવાં છો, માફ કરો, પાછાં વળો."

## ૨) યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો.

★ દરબારને ખબર પડી એટલે દરબારે પણ.........

૧) ચોપાટમાંથી નીચે ઊતરી જગા પટેલને સમજાવ્યા

૨) સિંહાસન ઉપરથી નીચે ઊતરી જગા પટેલને સમજાવ્યા

૩) મેડી ઉપરથી નીચે ઊતરી જગા પટેલને સમજાવ્યા

૪) હિંચકા પરથી નીચે ઊતરી જગા પટેલને સમજાવ્યા

★ દરબારે જગા પટેલના પડખે ચડીને કાનમાં કીધું ...............

૧) જે ધણી રાજભાગ માફ કરે એવો ધણી ગોતજો.

૨) જે ધણી દરિયાવ દિલ હોય એવો ધણી ગોતજો.

૩) જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતિયું વળાવે એવો ધણી ગોતજો

૪) જે ધણી સબૂરીથી વાત સાંભળે એવો ધણી ગોતજો.

★ બાપ તમે મારા..........

૧) સોનાનાં ઝાડવાં છો.

૨) રૂપાનાં ઝાડવાં છો.

૩) ફળવાળાં ઝાડવાં છો.

૪) નવપલ્લવિત ઝાડવાં છો.

## ૩) કોણ તે લખો :

૧) ખાટલા ગોદડાં લેવા જનાર ----------------

૨) જગા પટેલને મનાવનાર ------------------

૩) ડાયરો કરીને બેસનાર -----------------

૪) ગામ છોડીને જનાર -------------------

4) Mpgu S>Áep `|fp¡ :-

૧) દરબારે .................. ને સજા કરી.

૨) દરબારે પણ ............ માંથી નીચે ઉતરી જગા પટેલને ખૂબ સમજાવ્યા.

૩) 'જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ................ વળાવે, એવો ધણી ગોતજો હો !'

★ **શબ્દ સંપત્તિ આકલન :-**

**૧) યોગ્ય વિકલ્પ શોધી શબ્દોના અર્થ લખો.**

૧) પગ = [ ]

કર ચરણ હસ્ત

૨) ગોદડા = [ ]

ચાદર રજાઈ ગાદલાં

૩) ચોપાટ = [ ]

સિંહાસન ખુરશી બાજોઠ

**૨) યોગ્ય વિકલ્પ શોધી રૂઢિપ્રયોગોના અર્થ લખો.**

૧) ઝાળ લાગવી - .....................

| | |
|---|---|
| ૧) ખોટું લાગવું | ૩) દાઝી જવું |
| ૨) ગુસ્સો આવવો | ૪) અપમાન થવું |

૨) ભોંઠા પડવું - ...............

| | |
|---|---|
| ૧) ખોટા પડવું | ૩) શરમ અનુભવવી |
| ૨) જૂઠા પડવું | ૪) અપમાન થવું |

**૩) યોગ્ય શબ્દ બનાવો**




**૪) વચન બદલી વાક્યો ફરીથી લખો.**

૧) જગા પટેલ, ગાડાં પાછાં વાળો.

૨) તમે તો મારાં સોનાનાં ઝાડવાં છો.

૩) હવાલદારને સજા કરી.

૪) આટલું કહી દરબારો તો ચાલ્યા ગયાં.

**૫) જાતિ બદલો :-**

ધણી - ---------------

પટેલ - ---------------

**૬) યોગ્ય સહસંબંધ જોડો :-**

★ ખાનગી ...................

(વાનગી) (જાહેર) (જગત)

★ સારાં ..................

(નરસાં) (સસ્સ) (સુંદર)

★ કડવું .................

(ખારું) (તીખું) (મધુર)

**૭) યોગ્ય શબ્દાર્થ સાથે જોડકાં જોડો :-**

| | અ | બ |
|---|---|---|
| ૧) | હૃદય | ૧) અતિથિ |
| ૨) | મહેમાન | ૨) માલિક |
| ૩) | ઝાડવાં | ૩) દિલ |
| ૪) | ધણી | ૪) વૃક્ષ |

★ **સ્વમત અભિવ્યક્તિ :- (મારો મત)**

★ 'પ્રજાપરાયણ રાજા' વિષે તમારા વિચારો જણાવો.

★ આજના રાજકારણીઓ અને દરબાર આ બન્ને વચ્ચે તમને કયો ફરક જણાય છે.

★ 'દરબાર પટેલને ગામ ન છોડવા સમજાવે છે' આ બાબત સાથે તમે સહમત છો? કેમ?

## પાઠ - ૩ પક્ષીતીર્થમ્

**- સુંદરમ્**

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

**(પાનું - ૩૪**

**બે ભાઈ હતા ......................**

**........................ ન મેળવે તે કમનસીબ)**

**૧) કોણ તે લખો :-**

૧) બે ભાઈઓને શાપ દેનાર -------------

૨) કલિકાળમાં મોક્ષની રાહ જોનાર ------------

## ૨) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

★ એક શિવનો ભક્ત અને .............

૧) બીજો દેવીનો

૨) બીજો શક્તિનો

૩) બીજો શંકરનો

૪) બીજો માતાનો

★ ફરીથી કલિના અંત લગી ...............

૧) ગીધ બનીને રહો.

૨) પક્ષી બનીને રહો

૩) પશુ બનીને રહો.

૪)વૃક્ષ બનીને રહો

## ૩) યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.

૧) બે ભાઈઓ ................ માં સ્નાન કરે છે.

| યમુના | | ગંગા | | કાવેરી |

૨) .................. ને અંતે તેમનો શાપમાંથી મોક્ષ થયો.

| સત | | ત્રેતા | | દ્વાપર |

## ૪) 'ગંગા' જેવી પવિત્ર નદીઓના નામ :-

--------- --------- -------- -------

## ૫) રેખાંકિત શબ્દોના વચન બદલી વાક્યો ફરીથી લખો.

૧) અરે, મૂઢો ! તે બન્ને એક જ છે.

૨) આ તપસ્વી ભાઈઓને ભોજન આપો.

૩) તેઓ દિવસે હિંદના બધા તીર્થોમાં ફરી આવે છે.

## ૬) ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :-

૧) અહીં ભોજન કરે છે.

૨) દિવસે હિંદના બધા તીર્થોમાં ફરી આવે છે.

૩) ચિત્રકૂટમાં રાત ગાળે છે.

૪) ગંગામાં સ્નાન કરે છે.

## ★ શબ્દ સંપત્તિ આકલન :-

### ૧) શબ્દો બનાવો



**૨) શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો :-**

૧) હાલમાં ચાલતો યુગ.................

૨) પોતાની ભૂલ સમજાતાં કરવામાં આવે તે ...............

**૩) યોગ્ય સહસંબંધ જોડો :-**

| | અ | બ |
|---|---|---|
| ૧) | પુણ્ય | ૧) ડાહ્યા |
| ૨) | મુક્તિ | ૨) આશીર્વાદ |
| ૩) | મૂર્ખ | ૩) બંધન |
| ૪) | શાપ | ૪) પાપ |

**૪) યોગ્ય વિકલ્પ શોધો.**

★ તથા + અસ્તુ = [ ]

[તથઅસ્તુ] [તથાસ્તુ] [તથાતુ]

★ દેવ + અધિદેવ = [ ]

[દેવઅધિદેવ] [દેવાદેવ] [દેવાધિદેવ]

**★ સ્વમત અભિવ્યક્તિ : (મારો મત)**

★ તમારા ભાઈ સાથે થયેલ લડાઈનું વર્ણન કરો.

★ તમારા જીવનમાં કરેલી ભૂલ અંગે થયેલ પશ્ચાતાપનું વર્ણન કરો.

★ શિવે બે ભાઈઓને શાપ આપ્યો તેની સાથે તમે સહમત છો? કેમ તેનું કારણ જણાવો.

**(પાનું - ૩૫**
**આ ટેકરીના ......................**
**...................... વાસ કરી રહ્યા છે.)**

**★ ગદ્યાંશ/આશય આકલન :-**

**૧) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :-**

૧) ઈતિહાસની કથા કરતાં યે પુરાણની કથા વધારે .................

૧) રસપ્રદ હોય છે.

૨) રોમાંચક અને આહલાહક હોય છે.

૩) ચીર સ્મરણીય હોય છે.

૪) ભૂલી જવાય તેવી હોય છે.

૨) વેદગિરીના પૂર્વ ભાગમાં એક નાની ગુફા ...............

૧) એલિફન્ટાની ગુફાઓ જેવી છે.

૨) કાન્હેરીની ગુફાઓ જેવી છે.

૩) મહાબલિપુરમની ગુફાઓ જેવી છે.

૪) અજન્ટાની ગુફાઓ જેવી છે.

૩) તેમનાં દફતરોમાં આ............

૧) પક્ષીભોજનનો બનાવ નોંધેલો છે.

૨) પ્રાણી ભોજનનો બનાવ નોંધેલો છે.

૩) પક્ષી ઉડાણનો બનાવ નોંધલો છે.

૪) પક્ષી શિકારનો બનાવ નોંધલો છે.

**૨) ગદ્યાંશમાં ઉલ્લેખ કરાયેલ ત્રણ વેદ**

........................

........................

........................

**૩) ગદ્યાંશમાં ઉલ્લેખ કરાયેલ લઘુમતી કોમ**

................ ....................

**૪) કોણ તે લખો :-**

૧) વેદગિરી પર વાસ કરનાર ---------------

(વેદગિરીશ્વર) (પશુપતિનાથ) (કેદારનાથ)

૨) ગાયત્રી મંત્રોને જુદા પાડનાર ઋષિ ---------------

(કશ્યપ) (ભારદ્વાજ) (અત્રિ)

૩) ભગવાન શંકરની તપોભૂમિ ---------------

(કાશી) (ગંગોત્રી) (કૈલાસ)

૪) છ ટેકરીનો બનેલો પર્વત ---------------

(શેત્રુંજય) (હિમાલય) (વેદગિરી)

**૫) યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.**

૧) ગુફાઓ ............ સદીની એ કહેવાય.

[સાતમી] [આઠમી] [બારમી]

૨) પુરાણની કથા વધારે ................. હોય છે.

| | | |
|---|---|---|
| જૂની અને લાંબી | સારી અને આકર્ષક | રોમાંચક અને આહલાદક |

૩) બ્રહ્મા અને વિષ્ણુની .................. ફૂટ ઊંચાઈની મોટી મૂર્તિઓ છે.

| | | |
|---|---|---|
| સાડાસત્તર | સાડાબાર | સાડાઅઢાર |

૪) તેમના દફ્તરોમાં આ ........... નો બનાવ નોંધેલો છે.

| | | |
|---|---|---|
| પશુભોજનનો | પક્ષીશિકારનો | પક્ષીભોજનનો |

**૪) સંપત્તિ આકલન :-**

**૧) સહસંબંધ જોડો.**

| | |
|---|---|
| પૂર્વ | નીચું |
| લઘુમતી | નિષ્ફળ |
| સફળ | પશ્ચિમ |
| ઊંચું | ગુરુમતી |

**૨) 'મહાબલિપુરમ્' શબ્દ પરથી બનતા શબ્દો લખો.**

-------- -------- -------- --------

-------- -------- -------- --------

**૩) અયોગ્ય શબ્દ શોધો.**

| | | | | |
|---|---|---|---|---|
| ઈતિહાસ | ભૂગોળ | વેદ | ગણિત | = --------------- |
| સામવેદ | પુરાણ | અથર્વવેદ | ઋગ્વેદ | = --------------- |
| મધ્ય | પૂર્વ | ઉત્તર | દક્ષિણ | = --------------- |
| મહાબલિપુરમ્ | મુંબઈ | ઈલોરા | અજંટા | = --------------- |

**૪) વચન બદલો :-**

ટેકરી - -------- કથા - --------

મુસાફર - -------- સદી - --------

વેદ - -------- મંત્ર - --------

૫)    **આકૃતિ પરથી શબ્દો બનાવો.**




★    **સ્વમત અભિવ્યક્તિ :-**

→    તમે જોયેલા તીર્થસ્થળનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

→    તમે જોયેલી કોઈ ગુફાના ઈતિહાસનું વર્ણન કરો.

→    ‘પક્ષીભોજન’ ની આ ઘટના વિષે તમે સહમત છો? શા માટે?

## પાઠ – ૪  દિવાળી માથે પડી !

**–મધુસૂદન પારેખ**

**(પાનું – ૪૧**
**આ વખતે નક્કી કર્યું કે ......................**
**........................ જેમ આવી પડતાં હતાં)**

★    **ગદ્યાંશ/આશય આકલન :-**

૧)    **યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

★    દિવાળીમાં ઘણું ખરું ...............

ક) મુંબઈનું આકર્ષણ થાય છે.

ખ) દિલ્હીનું આકર્ષણ થાય છે.

ગ) આબુનું આકર્ષણ થાય છે.

ઘ) કાશ્મીરનું આકર્ષણ થાય છે.

★    કરસન કાકા અને કમળાકાકી બન્ને જણાં ..................

ક) લાભપાંચમે મહેમાન થવાના હતા.

ખ) ધનતેરસે મહેમાન થવાના હતા.

ગ) બેસતા વર્ષના દિવસે મહેમાન થવાના હતા.

ઘ) ભાઈબીજે મહેમાન થવાના હતા.

## ૨) કોણ તે કહો :-

→ વેકેશનમાં આકર્ષણનું સ્થળ - ---------------

→ અણગમતા અતિથિ - ---------------

→ દીવાઓનો તહેવાર - ---------------

→ ધનની પૂજાનો દિવસ - ---------------

→ નવા વર્ષનો દિવસ - ---------------

→ માથે પડેલા મહેમાન - ---------------

## ૩) દિવાળીના પર્વના દિવસો ક્રમાનુસાર ગોઠવો :-

૧) બેસતું વર્ષ   ૨) કાળી ચૌદસ   ૩) વાઘબારસ   ૪) ધન તેરસ   ૫) દિવાળી

## ૪) ગદ્યાંશમાં આવેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.

## ★ શબ્દસંપત્તિ આકલન :-

## ૧) જોડ શબ્દ બનાવો :-

સગાં - -------------

સાલ - -------------

ઠાઠ - -------------

ધ્રુવ - -------------

## ૨) સહસંબંધ જોડો.

| અ | બ |
|---|---|
| ૧) વહાલાં | ૧) ગમતા |
| ૨) સગવડ | ૨) દવલાં |
| ૩) અણગમતા | ૩) નિરુત્સાહ |
| ૪) ઉત્સાહ | ૪) અગવડ |

## ૩) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

- ન ગમે તેવા ----------------

- એકનું એક વાક્ય ----------------

- જેની આવવાની તિથિ નક્કી ન હોય તે ----------------

## ૪) વિશેષણ શોધો.

૧) બે ત્રણ વર્ષે અમારે ત્યાં ધામા નાખતા

(બે ત્રણ)   (અમારે)   (ધામા)

૨) ઘણાં લોકોને ત્રાસરૂપ લાગે છે.

(લોકો) (ઘણાં) (લાગે)

**૫) જાતિ બદલો :-**

પડોશણ - ---------

કાકા - ---------

ગુજરાતણ ---------

**★ સ્વમત અભિવ્યક્તિ (મારો મત) :-**

→ 'દિવાળી' ના દિવસોમાં ટુર પર નીકળી જવાના લેખકના વિધાન સાથે તમે સહમત છો? શા માટે?

→ 'અણગમતા અતિથિ' નો તમને થયેલ કોઈ અનુભવ જણાવો.

→ નક્કી કરેલ પ્રવાસ કોઈ કારણસર રદ થાય તો તમારો પ્રતિભાવ કેવો હશે તે વિષે લખો.

**(પાનું - ૪૩**
**એક ભાઈ એમના ......................**
**........................ ચાર હજાર બસો રૂપિયા આપવાના છે)**

**૧) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

★ મેનેજર કહે, 'છ દિવસનું હૉટેલના રૂમનું બિલ અને જમવાનું બિલ તમારે ..................

ક) પંદર હજાર રૂપિયા આપવાના છે.

ખ) પાંચસો બે રૂપિયા આપવાના છે.

ગ) ચાર હજાર બસો રૂપિયા આપવાના છે.

ઘ) સાત હજાર બસો રૂપિયા આપવાના છે.

**૨) યોગ્ય કાળક્રમ પ્રમાણે ગાઠવો.**

૧) પ્રવિણનો રૂમ સાવ ખાલી હતો.

૨) એકભાઈ એમના ફેમિલી સાથે સામેથી આવતા હતા.

૩) અમે ત્રણ દિવસ ખૂબ કર્યા.

૪) સાંજે અમારેય નીકળી જવાનું હતું.

**૩) કોણ તે લખો.**

- હોટેલમાં રૂમ આપનાર - ----------------
- મળતાવડો સ્વભાવ રાખનાર - ----------------
- છ દિવસનું હોટેલનું બિલ ભરનાર - ----------------
- ઉત્તરવહીમાંથી કૉપી કરનાર - ----------------

**૪) ગદ્યાંશમાં આવેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.**

**૫) ગદ્યાંશમાં ઉલ્લેખ થયેલા બે મિત્રોના નામ**

( __________ )    ( __________ )

**★ શબ્દસંપત્તિ આકલન :-**

**૧) સમાનાર્થી શબ્દોની યોગ્ય જોડી બનાવો.**

| | અ | બ |
|---|---|---|
| ૧) | ખુશી | ૧) સંધ્યા |
| ૨) | જમણ | ૨) જવાબપત્રિકા |
| ૩) | ઉત્તરવહી | ૩) આભાર |
| ૪) | ઉપકાર | ૪) ભોજન |
| ૫) | સાંજ | ૫) આનંદ |

**૨) વિશેષણ શોધો.**

૧) ત્રણ દિવસ ખૂબ ફર્યા ---------------

(ત્રણ)    (દિવસ)    (ખૂબ)

૨) અમે ખાસ્સું શૉપિંગ કર્યું - --------------

(અમે)    (ખાસ્સું)    (શૉપિંગ)

**૩) જાતિ બદલો :-**

ભાઈ - ------------

પત્ની - ------------

**૪) રૂઢિપ્રયોગોનો વાક્યમાં ઉપયોગ કરો.**

મુંઝાઈ જવું - --------------------------------

**૫) રેખાંકિત શબ્દોના વચન બદલીને વાકયો ફરીથી લખો.**

→ હૉટેલમાં રૂમ ખાલી નથી.

→ તારી ઉત્તરવહીઓમાંથી કૉપી કરીને તો હું પાસ થયો હતો !!

**★ સ્વમત અભિવ્યક્તિ (મારો મત)**

→ તમારા જૂના મિત્ર સાથે અચાનક મુલાકાતનો અનુભવ તમારા શબ્દોમાં વર્ણવો.

→ પ્રવાસ દરમ્યાન હોટેલ (રહેવાની જગ્યા) ન મળતા થયેલી મુશ્કેલી વર્ણવો.

→ લેખકનો મિત્ર રૂમનું બિલ ભર્યા વગર જતો રહયો તે વાત તમને ગમી કે? કેમ?

# પાઠ - ૫ પ્રજાપરાયણ પુરુષાર્થી મહારાજા
# સયાજીરાવ ગાયકવાડ

-રજની વ્યાસ

(પાનું - ૪૯
વડોદરાના રાજવી ખંડેરાવને ......................
...................... સંપૂર્ણ વહીવટ સંભાળ્યો.)

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

**૧) કાળક્રમ પ્રમાણે ગોઠવો.**

- વચેટપુત્ર ગોપાળરાવની પસંદગી કરી.
- સયાજીરાવને તાલીમ આપવામાં આવી.
- ખંડેરાવને ગાદી પરથી ઉઠાડી મૂક્યા.
- બાળકની આંખમાં ચમકારો દેખાયો.

**૨) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

★ વડોદરાના રાજવી ખંડેરાવને -------------

૧) બે પુત્રો હતા

૨) ત્રણ પુત્રો હતા.

૩) એક પુત્ર હતો

૪) કોઈ પુત્ર ન હતો.

★ સયાજીરાવને શિક્ષણ આપવા માટે -------------

૧) મરાઠી અને ગુજરાતી શિક્ષકો રાખ્યા    ૨) મરાઠી અને અંગ્રેજી શિક્ષકો રાખ્યા

૩) ગુજરાતી અને અંગ્રેજી શિક્ષકો રાખ્યા    ૪) અંગ્રેજી શિક્ષક રાખ્યા.

**૩) આકૃતિ પૂર્ણ કરો.**

★ કાશીરાવ ગાયકવાડના ત્રણ પુત્રો :



★



## ૪) કોણ તે કહો :-

→ વડોદરાના રાજવી - ----------------

→ ખંડેરાવના નાના ભાઈ - ----------------

→ વડોદરાના મહારાણી -----------------

→ કાશીરાવ ગાયકવાડનો વચેટ પુત્ર - ----------------

→ અભણ ગામડિયો છોકરો ----------------

→ અંગ્રેજ વડા - ----------------

→ ગાદીએ બેસાડવામાં આવ્યા - ----------------

## ૫) ખાલી જગ્યા પૂરો.

★ મહારાષ્ટ્ર પ્રદેશના .................... જિલ્લામાં કવલાણા ગામમાં કાશીરાવ ગાયકવાડ રહેતા હતા.

★ ............... નામના એક અંગ્રેજ તેના વડા થયા.

★ જમનાબાઈને એવો ચમકારો દેખાયો કે તેમણે ............... ની તત્ક્ષણ પસંદગી કરી લીધી.

## શબ્દ સંપત્તિ આકલન :-

## ૧) જાતિ બદલો :-

પુત્ર - ----------------   શિક્ષક - ----------------

ભાઈ - ----------------   મહારાજા - ----------------

છોકરો - ----------------

રાજા - ----------------

## ૨) રેખાંકિત શબ્દોના બદલીને વાક્યો ફરીથી લખો.

શિક્ષણ આપવા શિક્ષકો રાખવામાં આવ્યા.

રાજકુટુંબના બાળકને કેળવણી માટે શાળા ખોલવામાં આવી.

બાળકની આંખમાં ચમકારો દેખાયો.

## ૩) સમાનાર્થી શબ્દોના જોડકાં જોડો.

| | અ | બ |
|---|---|---|
| ૧) | મહાવરો | ૧) કેળવણી |
| ૨) | પ્રજા | ૨) તરત જ |
| ૩) | શિક્ષણ | ૩) તાલીમ |
| ૪) | તત્ક્ષણ | ૪) લોકો |

## ૪) વાક્યના પ્રકાર ઓળખો :-

- તમે વડોદરા કેમ આવ્યા છો? ------------

ઉદ્‌ગાર વાક્ય   પ્રશ્નાર્થ વાક્ય   નિષેધ વાક્ય

- વડોદરાના રાજવી ખંડેરાવને કોઈ પુત્ર ન હતો. ------------------

નિષેધ વાક્ય | વિધાન વાક્ય | આજ્ઞાર્થ વાક્ય

- ગોપાળે સટાક દઈને જવાબ આપી દીધો. ------------------

નિષેધ વાક્ય | વિધાન વાક્ય | આજ્ઞાર્થ વાક્ય

**૫) વિશેષણ શોધો.**

- વચેટ પુત્ર ગોપાળરાવની પસંદગી કરી.

વચેટ | પુત્ર | પસંદગી

- આ વ્યવસ્થા પર્યાપ્ત નથી.

વ્યવસ્થા | પર્યાપ્ત | નથી

- વ્યવસ્થિત કેળવણી મળે તે હેતુથી શાળા શરૂ કરી.

વ્યવસ્થિત | કેળવણી | હેતુ

**★ સ્વમત અભિવ્યક્તિ :- (મારો મત)**

→ ‘ગોપાળ’ના આત્મવિશ્વાસ વિષે તમારા વિચારો રજૂ કરો.

→ ‘ગોપાળરાવની પસંદગી રાજા તરીકે કરી તેની સાથે તમે સહમત છે કે નહિ? હા કે ના? કારણ?

**(પાનું - ૫૧**
**આ ઉપરાંત સયાજીરાવે ......................**
**........................ સર્વોપરિતા સિદ્ધ કરી)**

**★ ગદ્યાંશ/આશય આકલન :-**

**૧) આકૃતિ પૂર્ણ કરો.**






## ૨) યોગ્ય વિકલ્પ શોધી વાક્ય પૂર્ણ કરો.

★ પોતાના શાસનકાળ દરમ્યાન સયાજીરાવે.............

ક) બ્રિટીશ શાસનથી પણ આગળ રહી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.

ખ) અંગ્રેજી શાસનથી પણ આગળ રહી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.

ગ) મોગલ શાસનથી પણ આગળ રહી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.

ઘ) સર્વકાર્યોમાં સર્વોપરિતા સિદ્ધ કરી.

★ પ્રજામત સ્વીકારવા તેમણે ............

ક) વિધાનસભાની સ્થાપના કરી.

ખ) કાયદા સભાની સ્થાપના કરી.

ગ) લોકસભાની સ્થાપના કરી.

ઘ) ધારાસભાની સ્થાપના કરી.

## ૩) ખાલી જગ્યા પૂરો.

૧) આ વિરાટ પુરુષ માત્ર ................ના જ નહિ, પણ ........... ના મહાપુરુષ તરીકે અમર રહેશે.

૨) ઈશ્વરે જે તક આપી તે તેમણે પૂરી ................ થી અને ................ થી નિભાવી.

૩) સયાજીરાવે ...................... પર ખૂબ ધ્યાન આપ્યું છે.

## ★ શબ્દસંપત્તિ આકલન :

## ૧) જાતિ બદલો :

દીકરો ----------------

વિધૂર ----------------

પુરુષ ----------------

## ૨) રેખાંકિત શબ્દોના વચન બદલી વાક્યો ફરીથી લખો.

૧) સમાજમાં પ્રવર્તતા ખોટા રીત રિવાજ દૂર કર્યા.

૨) વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ થાય.

૩) દીકરીઓને વારસો અપાવ્યો.

**૩) સંધિ જોડો.**

- પુરુષ + અર્થ

| પુરુશાર્થ | પુરુષાર્થ | પુરાર્થ |
|---|---|---|

- અંત્યજ + ઉદ્ધાર

| અંત્યધોજજાર | અંત્યજધાર | અંત્યજોદ્ધાર |
|---|---|---|

- સર્વ + ઉપરિતા

| સર્વોપરિતા | સર્વપરિતા | સર્વાપરિતા |
|---|---|---|

**૪) વાક્યના પ્રકાર લખો.**

૧) તેઓ ગુજરાતના જ નહિ, પણ ભારતના મહાપુરુષ તરીકે અમર રહેશે [ ]

૨) અનેકોએ વડોદરાને પોતાની કર્મભૂમિ બનાવી. [ ]

**૫) સહસંબંધ જોડો.**

| | અ | બ |
|---|---|---|
| ૧) | પ્રગતિ | ૧) પાછળ |
| ૨) | ઇમાનદારી | ૨) નિષ્ફળ |
| ૩) | આગળ | ૩) અધોગતિ |
| ૪) | સફળ | ૪) બેઈમાની |

**★ સ્વમત અભિવ્યક્તિ : (મારો મત)**

→ તમે કરેલા કોઈ સમાજ સુધારાના કાર્યની માહિતી આપો.

→ વિધવા વિવાહ સાથે તમે સહમત છો કે નહિ? કારણ જણાવો.

→ દીકરીઓને વારસો આપવા વિષેના તમારા વિચારો વ્યક્ત કરો.

# પાઠ - ૬ અનોખું દહેજ

-વર્ષા બારોટ

★ **ગદ્યાંશ/આશય આકલન :-**

**(પાનું - ૫૬**
**પ્રથમ મુલાકાતમાં જ ......................**
**........................ પ્રસ્તાવને વધાવી લીધો હતો.)**

★ **યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) પ્રથમ મુલાકાતમાં જ સરયૂ મને એના..............

અ) સ્પેશ્યલ રૂમમાં લઈ ગઈ

બ) પુસ્તકાલયમાં લઈ ગઈ

ક) બગીચામાં લઈ ગઈ

ડ) ચિત્રકલાના રૂમમાં લઈ ગઈ

૨) માનવે સરયૂને લગ્ન માટે હા પાડી કારણ કે.................

અ) તેનો વાચનનો શોખ ગમ્યો

બ) તેનો ચિત્રકલાનો શોખ ગમ્યો

ક) તેની સાદાઈ અને સરળતા ગમી

ડ) તેનાં પુસ્તકો ખૂબ ગમ્યાં

★ **કોણ તે લખો :-**

→ માનવને સ્પેશ્યલ રૂમમાં લઈ જનાર ----------------

→ સરયૂને બોલાવવા આવનાર - -------------------

→ સરયૂને આશ્ચર્યથી સાંભળી રહેનાર - - ---------------

★ **અયોગ્ય શબ્દ શોધો.**

૧) ભારતીય સર્જકો

(ટાગોર) (વિવેકાનંદ) (વિન્સેન્ટ વાન) (કાલેલકર)

૨) ચિત્રકલા અને ફોટોગ્રાફીમાં જાણીતું નામ :

(રાજા રવિ વર્મા) (રજનીશ) (રસિકલાલ પરીખ) (પાબ્લો પિકાસો)

૩) સરયૂને વધુ સ્પર્શતા વિષય ..............

(ચિત્રકલા) (બૉટની) (ફોટોગ્રાફી) (મનોવિજ્ઞાન)

★ **ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :-**

૧) રીન્કુ બહાર દોડી ગયો હતો.

૨) મા અને બાપુજી પણ એ જોઈને ખુશ થતા.

૩) સરયૂ મને એના સ્પેશ્યલ રૂમમાં લઈ ગઈ હતી.

૪) તરત જ મેં લગ્ન માટે હા પાડી હતી.

★ **ખાલી જગ્યા પૂરો :-**

૧) ............ અને ............ ના મારા શોખ વિશે જાણીને એ તરત જ બોલી હતી.

૨) સરયૂની .............. અને ............. મને સ્પર્શી ગઈ હતી.

૩) અમારી વચ્ચે કોઈ ખાસ ................ કે .............. પુસ્તકોની ભેટ આપવી શરૂ થઈ હતી.

★ **આકૃતિ પૂર્ણ કરો.**









★ માનવના શોખ : [ ] [ ]

★ સરયૂને સ્પર્શતા વિષયો : [ ] [ ]

★ **ગદ્યાંશમાં આવેલ અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.**

★ **ગદ્યાંશમાં આવેલ મહાન વ્યક્તિઓ / લેખકોના નામની યાદી બનાવો.**

★ **શબ્દ સંપત્તિ આકલન :-**

૧) **રૂઢિપ્રયોગના યોગ્ય અર્થ શોધો.**

★ મનની બારીઓ ખૂલવી

અ) જ્ઞાનની દિશા મળવી | બ) પ્રકાશ આવવો | ક) હવા-ઉજાશ આવવા

★ પ્રસ્તાવ વધાવવો

અ) સ્વાગત કરવું | બ) માગણી સ્વીકારવી | ક) પૂજા કરવી

૨) **અંગ્રેજી શબ્દના અર્થની જોડી બનાવો**

| અ | બ |
|---|---|
| સ્પેશલ | ઓરડો |
| રૂમ | ભેટ |
| ગીફ્ટ | વનસ્પતિ શાસ્ત્ર |
| બૉટની | ખાસ |

૩) **વિશેષણ - વિશેષ્યની જોડી બનાવો.**

| અ | બ |
|---|---|
| અનોખો | અવસર |
| પ્રથમ | વર્ષગાંઠ |
| પહેલો | પ્રસંગ |
| અલગ | જન્મદિવસ |

**૪) વાક્યના પ્રકાર જણાવો :-**

૧) જા, બીજાં બાળકોને બોલાવી લાવ

૨) ઓહ ! તો તો તમે ઘણું જાણતાં હશો !

૩) રીન્કુ બહાર દોડી ગયો.

૪) જાણે પુસ્તકોના મેળામાં ન આવી ચડયો હોઉં એવું લાગ્યું.

**૫) યોગ્ય સંધિ શોધો.**

વિવેકાનંદ

| વિવેક + આનંદ | વિવેક + નંદ | વિવેકા + આનંદ |
| --- | --- | --- |

વાતાવરણ

| વાત + વરણ | વાતા + આવરણ | વાત + આવરણ |
| --- | --- | --- |

**૬) રેખાંકિત શબ્દોના વચન બદલીને વાક્યો ફરીથી લખો.**

૧) મારા સવાલોના જવાબ આપતાં એ બોલી.

૨) અમારી મુલાકાતમાં કેટલાયે વિષયની બારીઓ ખૂલી હતી.

૩) જાણે હું પુસ્તકના મેળામાં આવી ચડ્યો હોઉં....

૪) ભારતીય સર્જકમાં તમે કોને વાંચ્યા છે?

**★ સ્વમત અભિવ્યક્તિ (મારો મત)**

→ તમારા ગમતા લેખક વિષેના તમારા વિચારો જણાવો.

→ 'વાચાલ તર વાચાલ' આ વિષય સાથે તમે સહમત છો? કેમ?

→ 'સરયૂ' ના જેવી સાદાઈ અને સરળતા તમારામાં હોવી જોઈએ એ સાથે તમે સહમત છો? કેમ?

**(પાનું - ૫૯-૬૦**
**"અરે, આવો તો ખરાં" ......................**
**........................ ચીકુબહેનને મજા પડી જાય)**

**★ ગદ્યાંશ / આશય આકલન :-**

**૧) યોગ્ય પર્યાય શોધી વાક્ય પૂર્ણ કરો.**

★ અગાશી પર જવાની દરવાજા પર લખેલું હતું.............

અ) બગીચો રચવો એ ઈશ્વર સાથે ચાલવા બરાબર છે.

બ) બગીચો રચવો એ કુદરત સાથે ચાલવા બરાબર છે.

ક) બગીચો રચવો એ મનુષ્ય સાથે ચાલવા બરાબર છે.

ડ) બગીચો રચવો એ જીવન સાથે ચાલવા બરાબર છે.

★ આન્ટી, આ તો..........

અ) કબૂતરનો માળો કહેવાય

બ) ચકલીનો માળો કહેવાય

ક) કોયલનો માળો કહેવાય

ડ) સુગરીનો માળો કહેવાય

## ૨) ઘટના ક્રમ પ્રમાણે ગોઠવો :-

- ચીકુ પણ એનું ચિત્રકામ પડતું મૂકીને અગાશી પર આવી હતી.
- ચીકુ અને સરયૂ અગાશીની દીવાલનો ટેકો લઈને ઊભી હતી.
- ચીકુ બહેનને મજા પડી જાય છે.
- એ ત્રણેય હીંચકા પર બેઠી.

## ૩) કોણ તે લખો :-

ફોટોગ્રાફીનો શોખ ધરાવનાર - -----------------

બધાંને અગાશી પર લઈ જનાર -----------------

સુગરીનો માળો બતાવનાર - -----------------

અગાશીમાં ચણ ખાવા આવનાર -----------------

આશ્ચર્યથી પ્રશ્ન પૂછનાર -----------------

## ૪) અયોગ્ય શબ્દ શોધો :-

★ અગાશી પર આવનાર પક્ષીઓ

(કાબર) (પોપટ) (કાગડો) (કબૂતર)

★ સરયૂના ઘરે જનારી સ્ત્રીઓ

(લતા) (હેમલ) (વાસંતી) (ભારતી)

★ કૂંડાની ફરતે મૂકેલા પથ્થરોના રંગ

(સફેદ) (લીલા) (કાળા) (દૂધિયા)

## ૫) ખાલી જગ્યા પૂરો. :-

૧) બેત્રણ મહિને એકાદવાર -----------------માં તથા વિવિધ -----------------
ની મુલાકાતે જઈએ છીએ.

૨) રોજ સવારે ----------------- પર ચણ નાખું છું.

૩) આપણી અમૂલ્ય ----------------- થી વાકેફ કરીએ છીએ.

૪) ચીકુ પણ એનું ----------------- પડતું મૂકીને અગાશી પર આવી હતી.

## ૬) આકૃતિ પૂર્ણ કરો.







## ★ શબ્દ સંપત્તિ આકલન :-

૧) રૂઢિપ્રયોગોના યોગ્ય અર્થ શોધો.

અ) વાકેફ કરવું

ચેતવણી આપવી | જાણકરવી | હુકમ કરવો

૨) ગણગણવું

મોટેથી બૂમો પાડવી | ચૂપ રહેવું | ધીમેથી મનમા બોલવું

૩) આશ્ચર્ય પામવું

નવાઈ પામવી | જાણી જવું | વાતચીત કરવી

૨) આપેલા કોષ્ટકમાંથી રંગના નામ શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| જા | મ | બ | કા | ળો |
| લી | લો | દા | યો | જાં |
| દૂ | લા | મી | ફ | બ |
| ધિ | લ | પી | ળો | લી |
| યા | જા | સ | ફે | દ |

----------------
----------------
----------------
----------------
----------------
----------------
----------------
----------------

**૩) રેખાંકિત શબ્દના વચન બદલી વાક્યો ફરીથી લખો.**

૧) અગાશીમાં કેટલાય પંખી આવી જાય છે.

૨) દરવાજો બરાબર બંધ કરજો હોં !

૩) આન્ટી, આને સુગરીનો માળો કહેવાય.

૪) ચળકતી રેતમાં વિવિધ કૂંડા ગોઠવેલા હતા.

૫) હેમલ, લતા અને વાસંતીને સરયૂની વાતમાં મજા પડવા લાગી હતી.

**૪) વાક્યના પ્રકારો ઓળખો :-**

૧) એ તો અમે જંગલમાં?

૨) સરયૂ તરફ જોતાં વાસંતી બોલી.

૩) અરે, આવો તો ખરાં.

૪) ચીકુને મજા પડે તો જ, નહિ કે કોઈ પ્રયત્ન પૂર્વક.

૫) તને કોણે કીધું કે આને સુગરીનો માળો કહેવાય?

**૫) જાતિ બદલો :-**

અંકલ - -----------

બનેવી - ----------

**૬) શબ્દોના અર્થના જોડકાં જોડો :-**

| અ | બ |
|---|---|
| અભયારણ્ય | દાણા |
| ચણ | ઉપવન |
| પંખી | ભીંત |
| દીવાલ | ઝૂલો |
| હીંચકો | વનજીવન |
| વન્યસૃષ્ટિ | પક્ષી |

**★ સ્વમત અભિવ્યક્તિ :-**

- તમે કરેલા અભયારણ્યની મુલાકાતના અનુભવનું વર્ણન કરો.
- બાળપણમાં શીખેલા બાળગીતની પંક્તિઓ લખો.
- ગદ્યાંશમાં ઉલ્લેખ કરાયેલ પક્ષીઓમાંથી એકાદ પક્ષી વિષે લખો.

# લેખન વિભાગ

## પત્રલેખન

**૧) તમે કરેલ પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા પિતાજીને લખો.**

પ્રવાસ ક્યાં ? - ક્યારે ? -કોની સાથે ? - કેવો અનુભવ - સ્થળની વિશિષ્ટતા - ત્યાંનાં લોકો - ભાષા - ખાસિયતો.

**૨) શાળામાં તમને ચાર ભાષાઓ શીખવી પડે છે તેના ફાયદા - ગેરફાયદા જણાવતો પત્ર તમારા મોટા ભાઈને લખો.**

કઈ ભાષાઓ ? - કેટલા ગુણ ? - તાસિકા - ભણવામાં આવતી મજા - ફાયદા - એક ભાષાના અભ્યાસનો બીજામાં ઉપયોગ - સજા - કઈ મુશ્કેલીઓ?

**૩) સાસરે ગયેલી તમારી બહેનને ખબર-અંતર પૂછતો પત્ર લખો.**

નવું શહેર - નવું ઘર - નવાં લોકો સાથે સમાવેશ થયો કે નહિ ? - યાદ આવે - મા-બાપુજી પણ યાદ કરે - ઘર સૂનું - બહેન વગર અભ્યાસ કોણ કરાવે? - મળવા આવવા માટે કહેવું - બધાને યાદ.

**૪) વાચનનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો.**

વાચન - જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે - એકલા વ્યક્તિનો સાથી - જ્ઞાનનો ભંડાર વધે - વિચારો પ્રગલ્ભ બને - સામાન્ય જ્ઞાનમાં વધારો - દરેક ક્ષેત્રની જાણકારી - આત્મવિશ્વાસ વધે કેવા પુસ્તકોનું વાંચન - ટી.વી., મોબાઈલમાં થતી સમયની બરબાદી અટકે -

૫) **આધુનિક યુગમાં બાળકો તેના બાળપણથી વંચિત રહે છે તે વિષે તમારા મિત્ર ને પત્ર લખો.**

આધુનિક યુગનું બાળક - આધુનિક વિચારો ધરાવતા માતાપિતા - ખોટું અનુકરણ - ત્રણ વર્ષની ઊંમરે શાળા પ્રવેશ - કમને શાળામાં જવું - રમતોથી વંચિત - ટયુશન અને શિક્ષણના બોજ તળે દબાયેલું બાળપણ - મશીન જેવી જિંદગી.

## ભાષાંતર

★ નીચેના વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો :

1) You have good knowledge of language.
2) My elder brother is quiet.
3) My blessings go with you.
4) Get the doctor quickly.
5) The exhibition is to be arranged tomorrow.
6) That area was away from the village.
7) We enjoyed your poem.
8) Keep this books inside.
9) The buildings were very huge.
10) Daddy, I have a question.
11) Do you know the answer?
12) Monica and her friends like mangoes.
13) My elder brother is in college.
14) What do you want?
15) Write a story in short.

## મુદ્દા પરથી વાર્તા

૧) એક વૃદ્ધ માણસ ....... પાંચ દીકરા ....... માંહોમાંહે ઝગડો ....... લાકડાનો ભારો તોડવા કહેવું ....... ન તૂટવો ....... એક એક લાકડી આપવી ....... તૂટવી ....... બોધ શીર્ષક

૨) એક રૂનો વેપારી ....... રૂની ગાંસડીઓની ચોરી ....... શંકાસ્પદ માણસોને ભોજન માટે આમંત્રણ ....... 'ચોરની દાઢીએ રૂ' ની બૂમ ....... ચોરી કરનાર સાવધાન ....... દાઢી તપાસવી ....... ધરપકડ ....... માલ પાછો ....... બોધ ....... શીર્ષક.

૩) એક પંખી અને એક માછલીનું મળવું ........ પંખી એ ગગનમાં ઊડવાની મજા વર્ણવી ....... માછલીએ સમુદ્રમાં તરવાનો આનંદ વર્ણવ્યો ....... પંખીનો તરવાનો પ્રયત્ન ....... માછલીનો ઊડવાનો પ્રયત્ન ....... મોત ....... બોધ ....... શીર્ષક

૪) ભરવાડનો છોકરો ....... જંગલમાં ઘેટાં-બકરા ચરાવવા ....... મજાક કરવાની ઈચ્છા ....... 'વાઘ આવ્યો રે વાઘ .......' બૂમ ....... લોકો દોડતા આવ્યા ....... વાઘ ન હતો ....... છોકરાનું હસવું ....... થોડા દિવસ પછી ખરેખરા વાઘનું આવવું ....... 'વાઘ આવ્યો રે વાઘ .......' બૂમ ....... કોઈનું મદદે ન આવવું ....... ઘેટા બકરાને મારી નાખવું ....... બોધ ....... શીર્ષક.

૫) એક દૂધવાળી .......દૂધ વેચવા જવું ....... રસ્તામાં નદી ....... દૂધમાં પાણી ઉમેરવું ....... દૂધ વેચીને પાછાં આવવું ....... પાણી પીવા માટે નીચા નમવું ....... થોડા પૈસા પાણીમાં પડવા ....... પૈસા શોધવા મહેનત ....... પૈસા ન મળવા ....... 'દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં' ....... બોધ ....... શીર્ષક.

## સંવાદ લેખન

- 'કૉમ્પ્યુટર' વરદાન કે શાપ એ વિષય પર સંવાદ લખો.
- 'જંગલનો નાશ ન કરવો જોઈએ' આ વિષય પર સંવાદ તૈયાર કરો.
- 'દિવાળી' દરમ્યાન હોટેલમાં રૂમ મેળવવા માટે હોટેલ મેનેજર સાથેનો સંવાદ તૈયાર કરો.
- 'દહેજ પ્રથા' નાબૂદ કરવા માટેનો સમાજસુધારક અને નાગરિક સાથેનો સંવાદ તૈયાર કરો.
- ગુજરાતી ભાષાના શિક્ષણ દરમ્યાન ગમતા પાઠ કે કવિતા વિષેનો બે મિત્રો વચ્ચેનો સંવાદ તૈયાર કરો.

## સ્વાનુભવ

- સાર્વજનિક બસમાં ટિકિટ કંડક્ટર સાથે થયેલ સારો / ખરાબ અનુભવ વર્ણવો.
- રસ્તામાં જતા કેળાંની છાલ પરથી લપસીને પડવાનો અનુભવ વર્ણવો.
- પાણીની કપાત દરમ્યાન ઘરમાં થયેલો અનુભવ વર્ણવો.
- પ્રવાસ દરમ્યાન થયેલ ખરાબ અનુભવ વર્ણવો.
- તમારા મિત્ર કરેલ મદદ વિષેનો અનુભવ વર્ણવો.

## પ્રસંગ પૂરો કરો

૧) રીક્ષામાં બેસવું - ખિસ્સામાં જોવું તો પૈસા જ નહિ ..................................

૨) બગીચામાં જવું - કેટલાક લોકોનું બગીચામાં નુકસાન - પ્રતિભાવ ................................

૩) દવાખાનામાં કોઈની ખબર કાઢવા જવું - અકસ્માતવાળા દર્દીને જોવો - તેને મદદ ...................

૪) શાળાના કમ્પાઉંડમાંથી ૫૦૦ રૂ. ની નોટ મળવી - મિત્રની સલાહ .................................

૫) વર્ગમાં મસ્તી - C.C.T.V. કેમેરામાં કેદ - મુખ્યાધ્યાપકની ઑફિસમાં બચાવ માટે વિનંતી .............

# ગુજરાતી સંયુક્ત નમૂના કૃતિપત્રિકા
## ધોરણ - નવમું

ગુણ - ૪૦ **ગુજરાતી (સંયુક્ત)** સમય - ૨ કલાક

## નમૂના કૃતિપત્રિકા

### કૃતિ-૧

**અ-૧ નીચેના ગદ્યખંડ વાંચી આપેલ કૃતિ કરો :-**

વડોદરાના રાજવી ખંડેરાવને કોઈ પુત્ર ન હતો. એમના પછી એમના નાના ભાઈ મલ્હારરાવ ગાદીએ આવ્યા. પણ તેઓ પ્રજા પર જુલમ ગુજારતા એટલે રાજગાદી પરથી તેમને ઉઠાડી મૂકવામાં આવ્યા. એ પછી ગાયકવાડ વંશમાંથી કોઈ પણ બાળકને દત્તક લેવાનો હક મહારાણી જમનાબાઈને આપવામાં આવ્યો. ઘણી તપાસના અંતે આખરે એમણે મહારાષ્ટ્ર પ્રદેશમાં નાસિક જિલ્લામાં કવલાણા ગામમાં રહેતા ગાયકવાડ કુટુંબના કાશીરાવ ગાયકવાડના ત્રણ પુત્રોમાંથી એકને પસંદ કરવાનું નક્કી કર્યું. તેમના ત્રણ પુત્રો આનંદરાવ, સંપતરાવ અને ગોપાળરાવમાંથી તેમણે વચેટ પુત્ર ગોપાળરાવની પસંદગી કરી. દત્તક લેવાયો ત્યારે ગોપાળરાવ ગાયો ચારતો એક અભણ છોકરો હતો, પરંતુ જમનાબાઈએ ત્રણેયને પૂછ્યું કે તેઓ વડોદરા કેમ આવ્યા છે. તેના જવાબમાં અભણ ગામડિયા ગોપાળે સટાક દઈને જવાબ આપી દીધો : હું વડોદરાનો રાજા થવા આવ્યો છું. આવા આત્મવિશ્વાસથી ભર્યાભર્યા એ બાળકની આંખોમાં તે ક્ષણે જ રાણી જમનાબાઈને એવો ચમકારો દેખાયો કે તેમણે ગોપાળરાવની તત્ક્ષણ પસંદગી કરી લીધી. દત્તક લેવાયા બાદ એમનું નામ સયાજીરાવ રાખવામાં આવ્યું. તેમને શિક્ષણ આપવા માટે મરાઠી અને ગુજરાતી શિક્ષકો રાખવામાં આવ્યા, પરંતુ જમનાબાઈને થયું કે આ વ્યવસ્થા પર્યાપ્ત નથી. એટલે રાજકુટુંબના બાળકોને વ્યવસ્થિત કેળવણી મળે એ માટે એક ખાસ શાળા દરબારગઢમાં જ કરવામાં આવી. ઈલિયટ નામના એક અંગ્રેજ તેના વડા થયા. અહીં સયાજીરાવને ગુજરાતી, મરાઠી, ઉર્દૂ તેમ જ અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવામાં આવ્યું. સયાજીરાવને ગાદીએ બેસાડવામાં આવ્યા તે પહેલાં તેમને રાજશાસન અંગેની ખાસ તાલીમ આપવામાં આવી. ઇ.સ. ૧૮૮૧ ના ડિસેમ્બરની ૮ મી તારીખે અઢાર વર્ષની વયે તેમણે સંપૂર્ણ વહીવટ સંભાળ્યો.

અ-૧ ક) કાશીરાવ ગાયકવાડના ત્રણ પુત્રો :- (૦૧)



બ) આકૃતિ પૂર્ણ કરો :- (૦૧)



**અ-૨ યોગ્ય શબ્દ શોધીને લખો :-**

ક) જાતિ બદલો -

મહારાજા - | રાજવી | રાજા | મહારાણી | રાજકુટુંબ | = | |

**ખ) વિશેષણ શોધો.**

અભણ ગોપાળે સટાક દઈને જવાબ આપી દીધો. (૦૧)

| અભણ | ગોપાળ | સટાક | જવાબ | = | |

**અ-૩ વ્યક્તિગત પ્રતિક્રિયા (મારો મત) (૦૨)**

રાજા તરીકે 'ગોપાળરાવ' ની પસંદગી વિષે તમારો મત જણાવો.

અથવા

ચાર ભાષાઓ શીખવામાં તમને આવતી મજા અને સજા વિષે લખો.

**બ-૧ નીચેના ગદ્યખંડ વાંચી આપેલ કૃતિ કરો.**

અમને હાશ થઈ ગઈ. ભગવાને કદાચ મારી આવરદામાંથી છ કલાકને બદલે બે દિવસ તો નહિ આપી દીધા હોય? જેવી ભગવાનની મરજી. અમારે તો ઘરમાંથી વહેલામાં વહેલી તકે ભાગી છૂટવું જ હતું. ફોન પર બસની વ્યવસ્થા કરી લીધી. પત્ની સુશીલ નારી એટલે એને જરા ઉચાટ થયો કે કાકા-કાકી સવારે આવશે અને ઘરને બારણે તાળું જોશે તો કયાં જશે?

મેં એ પ્રશ્નની ઉપેક્ષા કરી કહયું, ''અત્યારે આપણને આબુમાં દિવાળી ટાણે જગ્યા મળશે કે કેમ એ પ્રશ્ન મહત્વનો છે. કાકા-કાકીનું શું થશે? એ પ્રશ્ન મહત્વનો નથી.'' અમે જેઠાકાકાને ઝિંદાબાદ અને કાકા-કાકીને હવે પછી દિવાળી માટે બેસ્ટ લક પાઠવીને સવારમાં આબુ પણ પહોંચી ગયાં સામાન પત્નીને ભળાવીને હું હોટેલમાં, ધર્મશાળામાં જયાં મળે ત્યાં રૂમ શોધવા નીકળી પડચો. પાંચ-સાત સ્થળેથી 'જગ્યા નથી'નો રોકડ જવાબ મળ્યા પછી મને જ્ઞાન થયું કે ડાહયા માણસે પ્રવાસમાં હૉટેલનું બુકિંગ અગાઉથી કરાવવું જોઈએ.

બ-૧ (અ) વાક્યોને ક્રમાનુસાર ગોઠવો. (૨)

૧) ડાહ્યા માણસે પ્રવાસમાં હૉટેલનું બુકિંગ અગાઉથી કરાવવું જોઈએ.

૨) અમારે તો ઘરમાંથી વહેલી તકે ભાગી છૂટવું જ હતું.

૩) કાકા-કાકીનું શું થશે? એ પ્રશ્ન મહત્ત્વનો નથી.

૪) હું હૉટેલમાં, ધર્મશાળામાં જયાં મળે ત્યાં રૂમ શોધવા નીકળી પડચો.

બ-૨ ક) રેખાંકિત શબ્દોના વચન બદલીને વાક્યો ફરીથી લખો. (૦૧)

૧) હોટેલોમાં જગ્યા ન હતી.

૨) એ પ્રશ્ન મહત્ત્વનો નથી.

ખ) આકૃતિ પૂર્ણ કરો. (જાતિ બદલો) (૦૧)

| પતિ -.......... |

| મામા-મામી |

| માસા -........... |

**બ-૩ વ્યક્તિગત પ્રતિક્રિયા - મારો મત.** **(૦૨)**

તમારે ત્યાં મહેમાન આવ્યા છે તેમના સ્વાગતની તૈયારી તમારા શબ્દોમાં લખો.

અથવા

'અતિથિ દેવો ભવ' વિશેનો તમારો અનુભવ વર્ણવો.

# વિભાગ -૨ (પદ્ય વિભાગ)

**અ) નીચેનું કાવ્ય વાંચી અંતે આપેલી કૃતિ કરો.**

જયાં મન ભય રહિત અને
મસ્તક ઉન્નત હોય;
જયાં જ્ઞાન મુક્ત હોય;
જયાંનું જગત ઘરગથ્થુ
દીવાલોથી વહેંચાયેલું ન હોય;
જયાં વાણીનું ઉદ્‌ગમ સ્થાન
માત્ર સત્ય જ હોય;
જયાં અથાગ પુરુષાર્થ
સંપૂર્ણતાને પામવાને
પ્રયત્ન કરતો હોય;
જયાં વિવેક અને બુદ્ધિનું ઝરણું
રાણની સૂકી રેતીમાં
લુપ્ત ન થઈ જતું હોય.

**અ-૧ ક) ખાલી જગ્યા પૂરો :-** **(૦૨)**

૧) જયાંનું જગત.................. દીવાલોથી વહેંચાયેલું ન હોય.

૨) જયાં વાણીનું .................. માત્ર સત્ય જ હોય.

**અ-૨ આકૃતિ પૂર્ણ કરો.** **(૦૧)**

યોગ્ય શબ્દ બનાવો.




**અ-૩ વ્યક્તિગત પ્રતિક્રિયા - મારો મત** **(૦૨)**

૧) 'સ્વચ્છ ભારત........... સુંદર ભારત' વિષે તમારા વિચારો લખો.

**અથવા**

૧) 'સ્વતંત્ર ભારત' વિષેની કવિની કલ્પના કાગળ પર સાકાર કરો.

**બ)** **નીચેનું કાવ્ય વાંચી આપેલી કૃતિ કરો.**

વાંસલડી ડૉટ કૉમ, મોરપિચ્છ ડૉટ કૉમ, ડૉટ કૉમ વૃંદાવન આખું,
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે કયાં કયાં નામ એમાં રાખું?
ધારો કે મીરાંબાઈ ડૉટ કૉમ રાખીએ તો રાધા રિસાય એનું શું?
વિરહી ગોપીનું ગીત એન્ટર કરીએ ને કયાંક ફ્લૉપી ભીંજાય એનું શું?
પ્રેમની આ ડિસ્કમાં. તો એવી એવી વાનગી કે કોને છોડું ને કોને ચાખું?
કાનજીની વેબસાઈટ......
ગીતાજી ડૉટ કૉમ એટલું ઉકેલવામાં ઊકલી ગઈ પંડિતની જાત.
જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે ને એ જ માણે આ પૂનમની રાત.
તુલસી, કબીર, સુર, નરસૈંયો થઈએ તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું.
કાનજીની વેબસાઈટ......
એ જ ફક્ત પાસવર્ડ મોકલી શકે છે જેના સ્ક્રીન ઉપર નાચે છે શ્યામ.
એને શું વાઈરસ ભૂંસી રાકવાના જેના ચીર પૂરી આપે ઘનશ્યામ?
ઇન્ટરનેટ ઉપર એ થનગનતો આવે, હું કોઈ દિવસ વિન્ડો ના વાખું.

**બ-૧ ક) અયોગ્ય શબ્દ શોધો :-** **(૦૧)**

૧) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલ ધાર્મિક ગ્રંથ = [ ]

[મહાભારત] [વેદ] [ગીતા] [રામાયણ]

૨) કાવ્યમાં ઉલ્લેખ ન કરાયેલ સાહિત્યકાર - [ ]

[પ્રેમચંદ] [તુલસીદાસ] [કબીર] [સુરદાસ]

ખ) આકૃતિ પૂર્ણ કરો. (૦૧)




બ-૨ ક) રેખાંકિત શબ્દોને સ્થાને યોગ્ય રૂઢિપ્રયોગો મૂકી વાક્ય ફરીથી લખો. (૦૧)
(ઉકલી જવું; જાત બાળવી)

૧) ગીતાજીનું રહસ્ય જાણતા કેટલાયે જ્ઞાનીઓએ જીવન પૂર્ણ કર્યું.

૨) ગોપીઓએ પ્રભુ પ્રાપ્તિ માટે ખૂબ મહેનત કરી.

**બ-૩ વ્યક્તિગત પ્રતિક્રિયા - મારો મત.** **(૦૨)**

૧) 'કમ્પ્યૂટરની કરામત' વિષે તમારું મંતવ્ય જણાવો.

અથવા

૧) કાવ્યમાં વપરાયેલ કમ્પ્યૂટરને લગતા શબ્દોની સૂચિ તૈયાર કરો.

# વિભાગ ૩ - વ્યાકરણ વિભાગ

કૃતિ-૩ અ) વાક્યના પ્રકારો ઓળખો (કોઈપણ બે) :- (૨)

૧) એ તો એક પરીકથા જેવી વાત કહેવાય ને? [ ]
[ઉદ્‌ગાર] [નિષેધ] [પ્રશ્નાર્થ] [આજ્ઞાર્થ]

૨) વાહ ! આનું નામ તે ધણી ! [ ]
[નિષેધ] [ઉદ્‌ગાર] [આજ્ઞાર્થ] [વિધાન]

૩) આજના જમાનાને અનુરૂપ બનીને સરયૂ ચાલતી નથી [ ]
[ઉદ્‌ગાર] [વિધાન] [નિષેધ]

૪) લો, આ કાગળ વાંચો જોઈએ [ ]
[વિધાન] [આજ્ઞાર્થ] [નિષેધ] [પ્રશ્નાર્થ]

**કૃતિ-૩બ) યોગ્ય સંધિ શોધીને લખો. (કોઈપણ બે)**

૧) સદા + આનંદ = [સદાનંદ] [સદાઆનંદ] [આનંદ]

૨) વિ + અવસ્થા = [વિવસ્થા] [વ્યવસ્થા] [વેવસ્થા]

૩) લોક + ઉપયોગી = [લોકઉપયોગી] [લોકયોગી] [લોકોપયોગી]

૪) પ્રતિ + ઉત્તર = [પ્રત્યુત્તર] [પ્રતુત્તર] [પ્રતિઉત્તર]

**કૃતિ-૩ક) રૂઢિપ્રયોગોનો વાક્યમાં ઉપયોગ કરો. (૨)**

૧) આશ્ચર્ય થવું

૨) ગુસપુસ કરવી

# વિભાગ ૪ - લેખન વિભાગ

**કૃતિ-૪ અ) તમે કરેલ પ્રવાસનું વર્ણન કરતો પત્ર મોટાભાઈને લખો. (૦૪)**

પ્રવાસ ક્યાં? ક્યારે? કોની સાથે ------ કેવો અનુભવ ------
સ્થળની વિશિષ્ટતાં ------- ત્યાનાં લોકો -------- ભાષા----
ખાસિયતો.

**અથવા**

નીચેના વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો.

India is my Country.

I respect my elders.

I do my work regularly.

We play everyday.

**કૃતિ-૪ બ) વાર્તા પર આધારિત કૃતિ.** **(૦૪)**

**આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો.**

એક ખેડૂત ---------- પાંચ દીકરા --------- પાંચે આળસુ ---------
ખેડૂતને ચિંતા --------- હું મરીશ પછી અનું શું થશે? -------- મરવા પડે છે
--------- પાંચેને બોલાવે છે --------- 'ખેતરમાં સોના મહોરોનો ચરુ દાટયો છે.
--------- મરી જાય છે --------- છોકરાઓ આખું ખેતર ખોદી નાખે છે ------
--------- ચોમાસામાં અનાજ પાકે છે --------- મબલખ પાક ઉતરે છે ------
પાક એ જ સોના મહોરો.

**અથવા**

**કૃતિ-૪ બ) તમારી શાળામાં 'સ્વચ્છતા અભિયાન' સપ્તાહ યોજવાનો છે. તમારા મિત્ર સાથે સંવાદ રચીને બોલાયેલા વાક્યો લખો.**

**કૃતિ-૪ ક) સ્વાનુભવ પર આધારિત કૃતિ**

નવરાત્રિ તહેવારની ઉજવણી વિશે તમારો અનુભવ લખો. (૪)

**અથવા**

પ્રસંગ પૂરો કરો.

બસમાં જવું ------- જોયું તો પૈસા જ નહિ -------
કંડકટરનું આવવું ---------------

---------xxx------------